જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૨/૨૦૧૯  શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**   **સમાચાર યાદી નં.૨૦૬૮/૧૯**

# પાસા હેઠળ કરેલ અટકાયત ની વિગત

**સાબરમતી પોલીસ સ્ટેશન :**

**મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર તેમજ પોલીસ ઇન્સપેક્ટરશ્રી સાબરમતી પોલીસ ઇન્સપેક્ટરશ્રી નાઓએ મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં મિલકત સંબંધી ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે શરીર/મિલકત સંબંધી ગુનો આચરનાર નામે રાકેશ ઉર્ફે બટકો સ/ઓ મથુરભાઇ મનાભાઇ દંતાણી ઉ.વ. ૧૯ (જન્મ તા.૧૭/૧૧/૨૦૦૦) ધંધો- મજુરી રહે. વેલજીભાઇની ચાલી અદાણી ગેસ પંપની બાજુમાં કાચા છાપરા, અચેર ડેપો પાસે, સાબરમતી, અમદાવાદ શહેર નાની વિરુધ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશન ૨૬/૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૯૪, ૨૯૪(ખ), ૧૧૪ મુજબ તથા સાબરમતી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૬૯/૧૯ ધી ઇપીકો ૩૯૨ ૧૧૪ મુજબના ગુના નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૫૭/૧૯ તા:૦૫/૧૨/૨૦૧૯ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને તા:૦૫/૧૨/૨૦૧૯ ના ક.૨૧/૪૦ વાગે પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે તા.૦૫/૧૨/૨૦૧૯

## ઓઢવ હવેલી પોલીસ સ્ટેશન :

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન -૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ " લક્ષ્મીબેન વા/ઓ મહેશભાઇ ભીખાભાઇ ચુનારા ઉ.વ.૩૦ રહે: ચુનારા વાસ, અમૃત વિધ્યાલયની બાજુમાં ઇન્દીરાનગરનો ટેકરો, ઓઢવ, અમદાવાદ શહેર" નાની "જાહેરવ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતા હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે લક્ષ્મીબેન વા/ઓ મહેશભાઇ ભીખાભાઇ ચુનારા નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/1364(A)/19 તા.05/12/2019 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા હે.કો અજીતભાઇ ભીખાભાઇ બ.નં.૪૨૯૪ તથા લોકરક્ષક ધીરુભાઇ જીવણભાઇ બ.નં.૧૨૬૬૨ તથા વુ.પો.કો માયાબેન રમેશભાઇ બ.નં.૩૫૧૩ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ કડીયા નાકા પાસે આવતા વુ.પો.કો માયાબેન રમેશભાઇ નાઓની સચોટ બાતમી હકિકત આધારે સદરી બેનને તેઓના ઘરેથી પકડી લઇ તા.૦૫/૧૨/૨૦૧૯ ના રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી રાજકોટ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૦૬/૧૨/૨૦૧૯

**ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :**

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન પાસા અટકાયતી મહમંદ શાહીદ સ/ ઓ ઈકબાલભાઈ સુબ્રાતીભાઈ કુરૈશી ઉ.વ-૩૬ રહે-મ.નં-૨૮૯૬ દાદા મીયાની ગલી મામુજીનો ખાંચો પોપટીયાવાડ દરીયાપુર અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન તથા ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન તથા આનંદનગર પોલીસ સ્ટેશન તથા સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં લુંટ , ચેન સ્નેચીંગ તથા ચોરીના ગુના દાખલ કરવામાં આવેલ જે આધારે સદરી વિરૂધ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ નાઓને મોકલી આપવામાં આવેલ જે આધારે હુકમ ક્રમાંક/ પીસીબી/ ડીટીએન/ પાસા/ ૧૩૬૦/ ૨૦૧૯ તા.૦૫/ ૧૨/ ૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ જે હુકમ આધારે સદરી પાસા અટકાયતીને તા-૦૫/ ૧૨/ ૨૦૧૯ ના રોજ પકડી લાવી પાસા હુકમની બજવણી કરી રાજકોટ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.



**ગુના નિવારણ શાખા :**

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદ્દેશ્યથી પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ તા.૫.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમા વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશન ની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો જેમા શરીર સબંધી- ૧ ,મિલ્કત સંબધી-૫, પ્રોહીબીશન- ૩ મળી કુલ્લે ૯ ઇસમોને પાસા હેઠળ અટક કરવા હુકમ કરી, આ ઇસમોને રાજ્યની ભુજ, સુરત, વડોદરા તથા રાજકોટ જેલ ખાતે કેદ રહેવા સારુ મોકલવા તજવીજ કરાવેલ છે.

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

## મિલકત સબંધી ગુનામાં એક આરોપીની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન તથા નાઓએ પાસા,તડીપાર,વોન્ટેડ આરોપીઓ પકડવા આપેલ સુચના આધારે પોલીસ ઇન્સપેકટર આર.ટી.ઉદાવત સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ ડી.એચ.મકવાણા તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના એલ.આર સુરેશભારથી હરીભારથી તથા એલ.આર મનીષકુમાર ઇશ્વરલાલ નાઓની બાતમી આધારે અત્રેના પોલીસ સ્ટેશનના મિલકત સબંધી ગુનાના કામે પાસા અટકાયતી સાહીલ રજનીકાંત સોલંકી ઉ.વ.૧૯ રહેવાસી મ.નં.૧૩/૨૮૯ સ્લમ ક્વાર્ટર્સ જોગણીમાતાના મંદીર પાસે અમરાઇવાડી અમદાવાદ શહેર નાઓને જોગમાયાનગર પાસેથી પકડી અત્રેના પો.સ્ટે લાવી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં પીસીબી/ડિટીએન/પાસા/૧૩૫૮/૧૯ ના હુકમની બજવણી કરી પાસા અટકાયતી તરીકે આરોપીને મધ્યસ્થ જેલ વડોદરા યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે મોકલી આપેલ છે




**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

## શરીર સંબંધી પાસા અટકાયતી

આજરોજ તા.૦૫/૧૨/૨૦૧૯ ના રોજ શરીર તથા મિલકત સંબંધી ગુનાના આરોપી કમલેશ સ/ઓ કેશાજી ઉર્ફે સીતારામ પ્રભુજી ભીલ ઉ.વ.૨૭ રહે:ગોવાજીના છાપરા કુબેરપુરા ભીલવાસ અસારવા બ્રીજના નીચે અસારવા શાહીબાગ અમદાવાદ શહેર ની વિરૃધ્ધ કલાક: ૨૧/૪૫ વાગે પાસા વોરંટની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ, લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે.

# નાસતા ફરતા અને તડીપાર ઇસમોની કરેલ અટકાયતની વિગત

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :**

**તા.૦૫/૧૨/૧૯ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે વર્ષની સજા ફરમાવેલ ૭૦ મુજબના પકડ વોરન્ટમાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-ર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન -૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ હિસ્ટ્રીશિટર તથા એમ.સી.આર વાળા ઇસમોને અવાર-નવાર ચેક કરવા તથા નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા અને  પ્રોહી બુટલેગરો ઉપર અવાર-નવાર રેઇડો કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૪/૧૨/૧૯ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ રાતના નાઇટ દરમ્યાન પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન અત્રેના કૃષ્ણનગર પો.સ્ટે.ના ક્રિમીનલ કેશ નં-૩૬૮૨/૧૭ થી નીચે જણાવેલ આરોપીને આર.ડી.મહેતા સાહેબ ની કોર્ટ ત્રિજા એડી.ચીફ.જ્યુડી. મેજી.ગાંધીનગર નાઓએ બે વર્ષની સજા ફરમાવેલ હોય અને સદરી આરોપી પોતાની અટક ટાડવા સારૂ નાસતી-ફરતો હોય જે પકડ વોરંટમાં જણાવેલ આરોપીને વહેલી સવાર બાતમી હકિકત આધારે તપાસ કરી મળી આવતા તા,૦૫/૧૨/૧૯ ના ક,૦૬/૩૦ વાગે પકડી

લોકપમાં રાખી કોર્ટ સમય અંદર રજુ કરી સારી કામગીરી કરેલ છે તા.૦૫/૧૨/૨૦૧૯

**આરોપીનું નામ** :- દિવ્યાંગભાઇ સ/ઓ દિનેશભાઇ જાતે પટેલ રહે,મ.નં-૭૬/૩,નિધી પાર્ક સોસાયટી રતનબા સ્કુલ પાસે ઠક્કરનગર રોડ નરોડા અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા તેઓની નાઇટની ટીમના માણસો  અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા બીજા સાથેના માણસો

**ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :**

## તડીપાર ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પો.લીસ કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી "ઇ" ડીવીજન સા.શ્રી નાઓ તરફથી મિલ્કત સબંધી તથા શરીર સબંધી ગુન્હાઓ બનતા અટાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ કરેલ હુકમ અન્વયે સર્વેલન્સ સ્કોડના અ.હેડ.કોન્સ અમુલભાઇ પ્રેમજીભાઇ બ.નં.૫૨૯૯ તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના સ્ટાફના અ.પો.કો દિલીપભાઇ કુબેરભાઇ બ.ન.૬૦૧૩ મળેલ બતામી હકિકત આધારે અત્રેના પો.સ્ટે તડીપાર હુકમ નં.ક્રમાંક- એમ/ડીવી/હદપ/૩૮૬૫/૧૮ તા-૨૦/૧૧/૨૦૧૮ થી અમદાવાદ શહેર તથા તેની લગોલગના જીલ્લાઓમાંથી તડીપાર હોવા છતા કોઈપણ જાતની સત્તાધિકારીની મંજુરી વગર અત્રેની હદમાં પ્રવેશી પો.કમિશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમનો ભંગ કરી અત્રે પ્રવેશેલ ઇસમ નામે કાલીયા ઇસ્માઇલભાઇ શેખ ઉ.વ.૨૦ ધંધો.છુટક મજુરી રહે. મ.નં.૫૫૫, બ્લોક નં-૧૮, ઔડાના મકાનમાં ખોડીયારનગર ગરીબ આવાસ યોજના, બહેરામપુરા, અમદાવાદ શહેર નાને આજ રોજ તા-૦૫/૧૨/૨૦૧૯ ના કલાક-૧૬/30 વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે



# ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :**

## નારોલ પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના બે ગુના શોધી કાઢી મુદામાલ રીકવર કરી ત્રણ આરોપીઓને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્લકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા ૦૫/૧૨/૨૦૧૯ ના કલાક ૧૯/૧૫ વાગે ઇસનપુર ચંડોળા પાળ દશામાના મન્દીર પાસે થી એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ તથા અ.લો.ર. મયુરસીહ રમેશભાઇ નાઓની સયુક્ત બાતમીથી આરોપીઓ (૧) મોહમદઆમીનુર સ/ઓ મન્નાનખાન ખાન ઉ.વ ૨૫ રહે સીયાસતનગરના કાચા છાપરા બંગાળીવાસ શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર તથા (૨) શબુસ કાલમભાઇ શેખ રહે સીયાસતનગરના કાચા છાપરા બંગાળીવાસ શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર (3) મકસુદ ઉર્ફે માજાભાઇ બજલુરેહમાન શેખ ઉ.વ ૩૯ રહે સીયાસતનગરના કાચા છાપરા બંગાળીવાસ ચંડોળા તળાવ ઇસનપુર અમદાવાદ શહેરનાઓને સોનાની કંઠી તથા સોનાની બુટ્ટી નંગ-૪ તથા સોનાની વીટી નંગ-૧ તથા સોનાની નાની બુટ્ટી નંગ-૧ તથા નાકમા પહેરવાની સોનાની નથ નંગ-૧ તથા ચાંદીના હાથના પાટલા નંગ-૨ તથા ચાંદીની પાયલ નંગ-૨ તથા પગમા પહેરવાની માછલી નંગ-૨ ચાંદીની રીગ નંગ-૧ તથા પ્લાસ્ટીકની અંદર સોનાની પટ્ટીવાળા પાટલા નંગ-૨ કીમત રુપીયા ૧,૦૧,૪૦૦ તથા બે પાઉન્ડનો સીક્કો નંગ-૧ તથા જી-શોકની ઘડીયાળ નંગ ૧કી.રુ.૭૦૦૦ તથા મોબાઇલ ફોન નંગ ૩ કીમત રુપીયા ૩૯,૦૦૦ના મળી કુલ રુપીયા ૧,૪૭,૪૦૦નો મુદામાલ રીકવર કરી નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૨૧૮/૧૯ ઇપીકો કલમ ૪૫૪ ,૪૫૭,૩૮૦ તથા નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૨૧૯/૧૯ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબના ગુના શોધી કાઢેલ છે.
તા.૦૫/૧૨/૨૦૧૯

આરોપી નં-(૧) નો પુર્વ ગુનાહિતી ઇતિહાસ-(૧) ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૧૪૭/૨૦૧૭ ઇપીકો કલમ ૩૨૩,૩૨૪,૨૯૪(ખ) (૨) પાડેસરા પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૫૨/૧૮ ઇપીકો કલમ ૩૭૯ (૩) ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૧૧૬/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૪) ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૧૩૭/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૫) નારોલ પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૨૨૬/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૪૧૧,૧૧૪ (૬) સેટેલાઇટ પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૧૬૪/૧૮ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ (૭) વટવા પો.સ્ટેશન ફ.ગુ.ર.ન ૯૦/૧૮ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦



## વટવા પોલીસ સ્ટેશન :

**ઘરફોડ ચોરી ગુનો ડીટેક્ટ કરી બે આરોપીને પકડતી વટવા પોલીસ**

અમદાવાદ શહેરમા ગુનાહિત પ્રવ્રુતી અટકાવવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુકત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી નિપૂણા તોરવણે સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપીન અહિરે સાહેબ તથા મ.પો.કમિ. "જે" ડીવીઝન શ્રી આર.બી. રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારાનાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરીના બનાવો બનતા અટકાવવા આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના પો.કો. હિતેશભાઈ નાગજીભાઈ તથા પો.કો. જયરાજભાઈ વલકુભાઈનાઓની ચોકકસ અને આધાર ભુત બાતમી હકિકત આધારે તા.૦૪.૧૨.૨૦૧૯ ના રોજ વટવા અંબિકા બ્રિજ જાહેર રોડ ઉપર આરોપી નામે (૧)મોઈનુદ્દીન ઉર્ફે કાલુ મોહમદ હુસેન શેખ ઉ.વ.૨૧ ધંધો. પ્રા.કપનીમાં નોકરી રહે. બ્લોક નં-૪૦/૧૨૫૭ વસંત ગજેંદ્ર ગડકરનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવેલ તથા (૨) આફતાબ ઉર્ફે હોબો સ/ઓ અબુકલમ જાતે-શેખ ઉ.વ-૧૮ એક માસ રહે-બ્લોક નં- ૨૬/૮૨૨ વસંત ગજેંદ્ર ગડકરનગર ચારા મળીયા વટવા અમદવાદ શહેરનાઓને પોતાના કબ્જામાથી સોના ચાંદીના દાગીનાનીકિ.રુ.૧૨,૩૦૦/-અલગ અલગ કંપનીના બે મોબાઈલ ફોન કિ.રૂ.૨૮૦૦/-,મળી બાળકોને રમવાની લાલ કલરની ઈલેક્ટ્રીક કાર ના કિ.રુ. ૭૦૦૦/- તમામ મુદામાલ કુલ્લે કિમત રૂપીયા.૨૨,૧૦૦/- ની મતાના મુદ્દામાલ સાથે પકડી સદરી સોના તથા ચાંદીના દાગીના તથા મોબાઈલ ફોન ધી CRPC કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે પંચનામા વિગતે કબ્જે કરી સદરી ઈસમને CRPC કલમ ૪૧(૧)(ડી) મુજબ તા.૦૪/૧૨/૨૦૧૯ ના કલાક ૨૨/૦૦ વાગે પકડી અટક કરેલ અને મુદ્દામાલ બાબતે તપાસ કરતા વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૪૦/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ વિગેરે મુજબનો ગુનો નોંધાયેલ હોઈ સદરી ગુનો ડીટેકટ કરી સારી કામગીરી કરેલ છે.

તા.૦૪/૧૨/૨૦૧૯

## કારંજ પોલીસ સ્ટેશન :

**કારંજ પો.સ્ટે.ના ઘરફોડના ગુનાનો ભેદ ઉકેલતી કારંજ પોલીસ**

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી "સી" ડિવીઝન નાઓએ મિલ્કત સબંધી/વાહન ચોરી ગુના શોધી કાઢવા કરેલ સુચના આધારે કારંજ સિનીયર પો.ઇન્સ.શ્રી એફ.એમ.નાયબ સાહેબ તથા પો.ઇન્સ. શ્રી એમ.એ.તળપદા સા.ના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ આર.આર.ગરચર તથા હે.કો બાબુભાઈ હોથાભાઈ બ.ન.૮૮૪૧ તથા પો.કો. કલ્પેશકુમાર ભેમજીભાઇ બ.ન.૬૨૯૧ તથા પો.કો. દિનેશભાઇ ગલબાભાઇ બ.ન.૫૭૨૦ તથા પો.કો. પંકજભાઇ ચેલાભાઇ બ.નં.૪૬૭૭ તથા પો.કો. પ્રધ્યુમનસિંહ ઘનશ્યામસિંહ બ.ન.૪૭૭૬ તથા એલ.આર. દિનેશભાઇ હેમાજી બ.ન.૧૨૫૫૭ તથા પો.કો. મહેશજી ભાથીજી નાઓએ કારંજ પો.સ્ટે. ફ.ગુ.ર.ન.૧૫૮/૧૯ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના કામે આરોપી આશીક ઉર્ફે ગબ્બો સીદીકભાઇ મેવાતી ઉ.વ.૨૦ રહે,ગલી નં-૪ રામરહીમનો ટેકરો બહેરામપુરા અમદાવાદ નાને આજરોજ તા.૦૫/૧૨/૧૯ના કલાક ૨૦/૩૦ વાગે અટક કરી ઘરફોડ ગુનાનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

# SHE ટીમ દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગત

## શાહિબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં SHE TEAM દ્વારા રોમિયોગીરી કરતાં એક ઇસમની ધરપકડ.

માન.પોલીસ કમિશનર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશરશ્રી, સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એફ" ડિવિઝન, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તથા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એ.કે.પટેલ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ શાહિબાગ પોલીસ સ્ટેશન ખાતે SHE TEAM દ્વારા આજરોજ તા.૦૫/૧૨/૨૦૧૯ ના કલાક ૧૨:૩૦ શાહિબાગ, બાબુપુરા ખાતે આવેલ વિશ્વ વિદ્યાલય સ્કુલ આગળ જાહેર રસ્તા પર એક ઇસમ વારંવાર આંટા મારતો હોય અને સ્કુલ બાળાઓને આવતા જતાં બિભસ્ત તેમજ ન છાજે તેવું વર્તન કરી તથા રોમીયોગીરી કરતાં જણાઇ આવેલ જેથી તેઓનું નામ ઠામ પૂછતાં પોતે પોતાનું નામ આલાપ S/O રાજેન્દ્રભાઇ શંકરલાલ જાતેઃ સોલંકી, ઉ.વ.૧૯, ધંધોઃ અભ્યાસ, રહે. ૩૩૭/૧૦/૨, પ્રિતમપુરા સોસાયટી વિભાગ-૨, ગીરધરનગર, શાહિબાગ, અમદાવાદ શહેર નાનો હોવાનું જણાવેલ જે ઇસમને સદર જગ્યાની હાજરી અંગે પૂછતાં કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી જાહેર રસ્તા પર મહીલાઓ/છોકરીઓને બિભસ્ત ન સાજે તેવું વર્તન કરી, રોમિયોગીરી કરતા મળી આવેલ હોય જે વિરૂધ્ધ જી.પી.એક્ટ કલમ ૧૧૦, ૧૧૭ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



## <u>કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :</u>

### <u>તા.૦૪/૧૨/૨૦૧૯ ના રોજ " SHE " ટીમ અંગેની સ્પેશીયલ ડ્રાઇવ દરમ્યાન પો.સ્ટે વિસ્તાર અલગ-અલગ જગ્યાઓએ ફરી ત્રણ રોમીયોને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ " SHE " ટીમ અંગેની સ્પેશીયલ ડ્રાઇવ દરમ્યાન કડકમાં કડક કામગીરી કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને અત્રેના કૃષ્ણનગર પો.સ્ટે.વિસ્તારમાં તા.૦૪/૧૨/૧૯ ના રોજ અલગ-અલગ SHE ટીમ અંગેની ટીમો બનાવી અમારા સુપર વિઝર હેઠળ સવારથી સાંજ સુધી અલગ-અલગ જગ્યાઓ પર સખતમાં સખત પેટ્રોલિંગ રાખી રખાવી અલગ-અલગ SHE ટીમના સ્કોર્ડના ઇન્ચાર્જ તથા તેઓની ટીમના માણસો દ્વારા ત્રણ રોમીયો કે જેઓ અલગ-અલગ જગ્યાઓએ જાહેર રોડ ઉપર અવર-જવર કરતી મહિલાઓને લલચાવવા પોતાના શરીર સાથે અડપલા કરી જાહેરમાં બિભત્સ ચેનચાડા કરી મહિલાઓને ગંદા ઇશારા કરતા મળી આવતા તેઓ વિરૂધ્ધ ધી.જી.પી.એકટ કલમ-૧૧૦,૧૧૭ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તા.૦૪/૧૦/૧૯

**આરોપીનું નામ** :- રવિભાઇ સ/ઓ પ્રવિણભાઇ જાતે સોનારા ઉ.વ.૨૩ ધંધો-બેકાર રહે,મ.નં-૨૪/૮૦,બ્લોક નં-૧૪૬,પરિશ્રમનગર વિભાગ-૨ ગુ.હા.બોર્ડ પાસે કૃષ્ણનગર અમદાવાદ મૂળ વતન,ધોળકા જામફળ માર્કેટ પાસે ધોળકા

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u> (સે.ગુ.ર.નં-૩૪૫૧/૧૯ જી.પી.એકટ કલમ-૧૧૦,૧૧૭ મુજબ)
પ્રો.પો.સબ.ઇન્સ શ્રી કે.ડી.પટેલ તથા તેઓની ટીમના માણસો વુ.લોકરક્ષક વર્ષાબેન ચમનાજી બ.નં-૧૧૧૪૩ તથા વુ.લોકરક્ષક વિણાબેન ડાહ્યાભાઇ બ.નં-૧૦૫૧૧ તથા વુ.લોકરક્ષક રેણુકાબેન વખતસિંહ બ.નં-૮૧૮

**આરોપીનું નામ**:-કાર્તિકભાઇ સ/ઓ વસંતભાઇ જાતે બારોટ ઉ.વ.૨૩ ધંધો-નોકરી રહે,મ.નં-૨૦,સહજાનંદ બંગ્લોઝ ધરણીધર ઓફિસની બાજુમાં પા.ટા.શીપ કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન,ગામ-લાગણજ તા,જી.મહેસાણા

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u> (સે.ગુ.ર.નં-૩૪૫૨/૧૯ જી.પી.એકટ કલમ-૧૧૦,૧૧૭ મુજબ)
પ્રો.પો.સબ.ઇન્સ શ્રી એન.એસ.સાકરીયા તથા તેઓની ટીમના માણસો વુ.લોકરક્ષક જાગૃત્તીબેન શંકરભાઇ બ.નં-૨૧૧૯ તથા વુ.લોકરક્ષક વર્ષાબેન નારણભાઇ બ.નં-૧૦૯૩૩ તથા વુ.લોકરક્ષક વૈશાલીબેન શૈલેષભાઇ બ.નં-૧૯૩૫

**આરોપીનું નામ**:-મેહુલકુમાર સ/ઓ મહેશભાઇ જાતે સોલંકી ઉ.વ.૨૩ ધંધો-બેકાર રહે,મ.નં-૭૦૨,બ્લોક નં-ડી,પુષ્પમ રેસીડેન્સી એસ.આર.પી.કેમ્પ ની પાછળ કેનાલ રોડ નરોડા અમદાવાદ શહેર મૂળ વતન,ગામ-ચડાસણા તા,જી.મહેસાણા
<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u> (સે.ગુ.ર.નં-૩૪૫૨/૧૯ જી.પી.એકટ કલમ-૧૧૦,૧૧૭ મુજબ)
પ્રો.પો.સબ.ઇન્સ શ્રી એ.આર.બાથમ તથા તેઓની ટીમના માણસો વુ.લોકરક્ષક શ્રધ્ધાબેન કાંતીભાઇ બ.નં-૮૨૯ તથા વુ.લોકરક્ષક કક્ષાકુમારી મહેન્દ્રભાઇ બ.નં-૧૦૪૭૬ તથા વુ.લોકરક્ષક કામીનીબેન મનુભાઇ બ.નં-૧૦૮૨૩





નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.